# ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ

CIN: U75140GJ1999SGC036051

ગુજરાત સરકારનું સાહસ

રજી. ઓફિસ: બ્લોક નં. ૬, પમો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ''ઘ'' રોડ, ગાંધીનગર.

ટેલી. ફેક્સ નં. (૦૭૯) ૨૩૨ ૪૬૧૨૬/૨૭/૨૮

Website:- www.gudcltd.com E-mail:- contact@gudclt.com

## અદ્યતન ઝેરોક્ષ મશીન ભાડેથી તેમજ ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટરની સેવાઓ મુકવા માટેનું ભાવ પત્રક

એજન્સીનું નામ :

એજન્સીના અધિકૃત વ્યક્તિનું નામ:

સરનામું :

ફોન/મોબાઇલ નં:

| | |
|---|---|
| ૧. જે ઝેરોક્ષ મશીન મુકવાના હોય તેની વિગત (કંપની / મોડલ નં ) | : |
| ૨. મશીન ખરીદીની તારીખ (બિલની નકલ સાથે) (વર્ષ-૨૦૧૬ કે તેનાથી ઉચ્ચ મોડલ હોવું ફરજીયાત) | : |
| ૩. નકલ કાઢવાની ક્ષમતા પ્રતિ મિનિટ | : ........... કોપી ઝડપ |
| ૪. ઝેરોક્ષ કામગીરીનો અનુભવ (સંસ્થાની નોંધણીનો પ્રમાણિત પુરાવો અથવા છેલ્લા બે વર્ષના ઇન્કમટેક્ષ રીટર્નની નકલ) | : |
| ૫. કામગીરીના દર પ્રતિ નકલ | : ઝેરોક્ષ/ પ્રિન્ટીંગ................ (રૂા./પૈસા) (ઉક્ત ભાવો તમામ કરવેરા/ચાર્જિસ સહીતના રહેશે.) (એ-૪, લીગલ તથા એ-૩ સાઇઝની ઉક્ત બન્ને કામગીરી (ઝેરોક્ષ અને પ્રિન્ટીંગ) માટે મશીનમાં સગવડ ઉપલબ્ધ હોવી ફરજીયાત છે.) **(એજન્સી દ્વારા ક્રમ નં. ૫-ઝેરોક્ષ/પ્રિન્ટીંગના ભરેલ ભાવો તથા ક્રમ નં. ૬ માટે ભરેલ ભાવો માટેનું સંયુક્ત તુલનાત્મક પત્રક બનાવતી વખતે એજન્સી દ્વારા ક્રમ નં.૫ ઝેરોક્ષ/પ્રિન્ટીંગના ભરેલ ભાવોને અંદાજીત ૭૦૦૦ માસિક કોપી સાથે ગુણાંક કરી, જે રકમ આવશે તે રકમ અને ક્રમ નં. ૬ માટે ભરેલ ભાવોનો સરવાળો કરી, જે માસિક રકમ (ભાવ)નું ટોટલ આવશે તે ટોટલ રકમને જ તુલનાત્મક પત્રક બનાવતી વખતે ધ્યાને લેવામાં આવશે.)** |
| ૬. એક ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટરની પૂર્ણ સમય માટેની સેવાઓ પુરી પાડવા માટે. (૧૮ (અઢાર) વર્ષ અને તેથી ઉપરની વયમર્યાદા ધરાવતી વ્યક્તિ હોવી ફરજીયાત છે.) | : માસિક મહેનતાણું/વેતન રૂા. .................. (તમામ કરવેરા તથા ચાર્જિસ સહીત) |

**નોંધ :** (૧) ભાવો ઝેરોક્ષ પેપર સિવાયના ભરવાના રહેશે.

(૨) ઉપરોક્ત ભરેલ ઝેરોક્ષ તથા પ્રિન્ટીંગના ભાવો તમામ કરવેરા તથા ચાર્જિસ સહીતના રહેશે.

(૩) કવર ઉપર "અદ્યતન ઝેરોક્ષ મશીન ભાડેથી તેમજ ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટરની સેવાઓ મુકવા માટેનું ભાવ પત્રક " તેવું દર્શાવી, ઉપરોક્ત ભાવિ જીયુડીસી કચેરીને સીલ બંધ કરવામાં **તા.૧૬/૦૧/૨૦૧૮** ના રોજ કચેરી સમયમાં મળી રહે તે રીતે રજી. એ.ડી./કુરીયર મારફતે મોકલી આપવાના રહેશે. ત્યારબાદ મળેલ ભાવપત્રક ધ્યાને લેવામાં આવશે નહીં.

(૪) આ ભાવપત્રક સાથે રૂા.૧૦૦૦/– રકમનો ચેક/ડીડી ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડના નામે આ પત્રક સાથે બિડાણ કરવાનો રહેશે અને જે રકમ નોન–રીફન્ડેબલ રહેશે. સદર રકમના ચેક/ડીડી વગરનું ભાવપત્રક ધ્યાને લેવામાં આવશે નહીં.

**શરતો:** (૧) ભાવ ભરનાર એજન્સીએ ભાવપત્રક સાથે રૂ.૨૦,૦૦૦/– ની ઈ.એમ.ડી. (બાનાની રકમ) ની રકમનો કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકનો ગાંધીનગર ખાતે ચૂકવવાપાત્ર પે ઓર્ડર / ડીમાન્ડ ડ્રાફ્ટ "ગુજરાત શહેરી વિકાસ કંપની લિ." ના નામનો બિડાણ કરવાનો રહેશે. ઈ.એમ.ડી. (બાનાની રકમ) વગરના ભાવપત્રક ધ્યાને લેવામાં આવશે નહી. જીયુડીસીના સક્ષમ અધિકારીશ્રી દ્વારા ભાવપત્રકના સૌથી ઓછા ભાવે મંજૂર કરવામાં આવ્યા બાદ, જે એજન્સીના ભાવો સૌથી નીચા હશે, તે સિવાયની અન્ય એજન્સીઓને તેઓએ ભરેલ ઈ.એમ.ડી (બાનાની રકમ) એક માસની અંદર પરત કરવામાં આવશે.

(૨) સિક્યોરીટી ડીપોઝીટની રકમ પેટે રૂ. ૨૦,૦૦૦/– રહેશે. જે એજન્સીના ભાવો મંજૂર થયા હશે તેઓએ ભરેલ ઈ.એમ.ડી. (બાનાની રકમ) ની રકમ સિક્યોરીટી ડિપોઝીટમાં ફેરબદલ કરવામાં આવશે. સદર રકમ કરારની મુદત પૂર્ણ થયાના એક મહિના બાદ, કામગીરી સંતોષકારક જણાયે અને બીલ સરભર થયે એજન્સીને પરત ચૂકવવામાં આવશે. સિક્યોરીટી ડિપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહીં.

(૩) ભાવ મંજૂર થયા અંગેની અત્રેથી સંબંધિત એજન્સીને લેખિત જાણ કર્યા તારીખથી દિન–૧૦ (દશ)માં કોઈપણ પ્રકારની તકનિકી ક્ષતીરહિત ઝેરોક્ષ મશીન મુકવાની સાથોસાથ રૂા.૧૦૦/–ના નોન–જ્યુડીશીયલ સ્ટેમ્પ, જેતે એજન્સીએ તેમની સંસ્થાના નામનો સ્વ–ખર્ચે ખરીદી કરારખત કરાવી, અત્રેથી વર્ક ઓર્ડર મેળવી લેવાનો રહેશે. આમ કરવામાં વિલંબ થશે તો કોઇપણ જાતની રજૂઆતોને ધ્યાને લીધા વિના, મંજૂર થયેલ ભાવો એક તરફથી રદ કરી, ઇ.એમ.ડી. તરીકે જમા કરાવેલ રકમ રૂા.૨૦,૦૦૦/– જપ્ત કરવામાં આવશે.

(૪) જો એજન્સી આ સેવા સંતુષ્ઠ રીતે પૂરી પાડવામાં નિષ્ફળ નીવડે અને જીયુડીસી કચેરીને તેની સેવાઓથી સંતોષ નહીં જણાય તો તેના સંદર્ભમાં બે વખત કારણદર્શક નોટીસ પાઠવી, સદર સેવાઓ કંપનીની જરૂરિયાત અનુસાર સુધારવા જણાવવામાં આવશે, ત્યારબાદ પણ જો એજન્સીની સેવાઓ કંપનીની જરૂરિયાત અનુસાર સંતોષકારણ નહીં જણાય તો એજન્સીની સીક્યોરિટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે સદર સેવાઓ સમાપ્ત કરાશે. આ કારણે થયેલ ખર્ચ, નુકસાનની ભરપાઇ કે અન્ય કોઈપણ મુશ્કેલી માટે જીયુડીસી કચેરીની કોઇપણ પ્રકારની જવાબદાર રહેશે નહીં. વધુમાં, સદર કામગીરીને સંલગ્ન અન્ય એજન્સીની નિમણૂંક, મંજૂર થયેલ ભાવોથી કરવાનો અબાધિત અધિકારી જીયુડીસી કચેરીને રહેશે.

(૫) ઝેરોક્ષ મશીન પ્રિન્ટીંગની કામગીરી માટે LAN-Connectivity થઇ શકે તેવી સગવડ ધરાવતું હોવું ફરજીયાત છે. તેમજ કચેરીની દરેક કોમ્પ્યુટર સિસ્ટમ સાથે કચેરી ખાતે ઝેરોક્ષ મશીન મુક્યા તારીખથી દિન–૨માં Connect કરવાની જવાબદારી એજન્સીની રહેશે.

(૬) ઝેરોક્ષ મશીનમાં ખરાબી થતાં કોલ મળ્યે ૩ થી ૪ કલાકમાં મશીનને કાર્યરત કરવાનું રહેશે / વૈકલ્પિક વ્યવસ્થા કરવાની રહેશે. અન્યથા વિલંબ માટે પ્રતિ કલાકે રૂા. ૧૦૦ ( રૂપિયા એકસો પુરા ) નો દંડ વસુલ કરવામાં આવશે.

(૭) એજન્સીના નામનાં પાન કાર્ડની ઝેરોક્ષ નકલ બિડવાની રહેશે.

(૮) ઝેરોક્ષ મશીનમાં તમામ સ્પેરપાર્ટસ અને કન્ઝયુમેબલ્સ જેવાં કે, ડ્રમ, ટોનર વગેરે પણ એજન્સીએ પુરા પાડવાના રહેશે. જેનું કંપની તરફથી કોઇ ચૂકવણું કરવામાં આવશે નહીં.

(૯) સમયસર જાણ કરવા છતાં જો મશીન દુરસ્તીમાં કોઇપણ જાતનો વિલંબ થશે અને કોપી બહાર કરાવવાની ફરજ પડશે તો તેનું ચુકવણું એજન્સી પાસેથી વસુલ કરવામાં આવશે.

(૧૦) ઉપરોક્ત મશીન બંધ પડે કે ન પડે પણ મહિનામાં ત્રણવાર મશીનની રૂબરૂ આવીને સંભાળ લેવાની રહેશે.

(૧૧) અત્રેની કચેરીએ મૂકવાનું થતું ઝેરોક્ષ મશીન એજન્સની માલિકીનું હોઇ, તેની જાળવણી/મરામત વગેરેની તમામ જવાબદારી એજન્સની રહેશે. આ મશીન સારી રીતે ચાલુ રહે તે માટે દર માસે તેની સર્વિસ એજન્સીએ નિયમિત સ્વરૂપે કરવાની રહેશે.

(૧૨) સદર કામગીરીના બાબતે જો કોઇ વાદ વિવાદ ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં વહીવટી સંચાલકશ્રી, જીયુડીસીનો નિર્ણય આખરી રહેશે અને જે બંને પક્ષકારોને માન્ય રહેશે.

(૧૩) એજન્સીએ ભાવ પત્રકમાં થયેલ સુધારા–વધારાની બાજુમાં તેમજ ભાવપત્રકના દરેક પેજ ઉપર અધિકૃત વ્યક્તિના સહી/સિક્કા અવશ્ય કરવાના રહેશે.

(૧૪) જો એજન્સી દ્વારા ભાવપત્રકમાં ભરવાના થતા ભાવો અંગે અધૂરી માહિતી ભરેલ હશે તો સદરહુ ભાવપત્રક અપૂરતું ગણી રદબાતલ ગણવામાં આવશે.

(૧૫) એજન્સીએ ભરેલ ભાવો, ભાવપત્રક ખોલ્યા બાદ ૬૦ દિવસ સુધી માન્ય રહેશે, આ સમય દરમિયાન એજન્સી તેની ઓફર પરત ખેંચી શકશે નહીં અથવા તો તેમાં કોઈ સુધારો કરી શકશે નહીં. જો એજન્સી દ્વારા આમ કરવામાં આવશે તો તેમની ઈ.એમ.ડી. (બાનાની રકમ) જપ્ત કરવામાં આવશે. અને સદર એજન્સી ઉપર્યુક્ત કામગીરી કરવા સક્ષમ નથી તે મુજબ ભવિષ્યમાં ધ્યાને લેવામાં આવશે.

(૧૬) એજન્સી દ્વારા મુકવામાં આવેલ ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટર મશીનમાં ઉદભવતી ક્ષતિયો /ખામીયો મહદ્અંશે (મોટા પ્રમાણમાં) દૂર કરી શકે, તે મુજબની જાણકારી/અનુભવ ધરાવતો હોવો જોઇએ.

(૧૭) એક ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટર પુરા પાડવાની બાબત અંગેના તમામ કાયદાઓના પાલનની જવાબદારી એજન્સીની રહેશે અને તે માટે સક્ષમ સત્તા/ કચેરી કોઈપણ સંજોગોમાં જવાબદાર રહેશે નહી. કરાર અન્વયે ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટરની વેતન ચૂકવવાની જવાબદારી સંપૂર્ણપણે એજન્સીની રહેશે.

(૧૮) કચેરી અને ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટરની વચ્ચે નોકરી અને તેની આનુસાંગિક કોઇપણ બાબત જેવી કે માલીક અને નોકરના સંબંધ અથવા તો અન્ય કોઈ કાયદાકીય જવાબદારી રહેશે નહી. ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટર દ્વારા તેઓની સેવા બાબતે કોઈપણ પ્રશ્નો ઉપસ્થિત થાય તેમાં જીયુડીસી કચેરીને કોઈપણ સ્વરૂપમાં લેવા દેવા રહેશે નહી.

(૧૯) એજન્સીના ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટર દ્વારા તેમની અણઆવડત, બેદરકારી કે હેતુપૂર્વક તથા અન્ય કોઈપણ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જીયુડીસી કચેરીની મિલ્કત કે કોઈ પણ સાધન સામગ્રીને કે સેવાને સરકારી કે ખાનગી રેકર્ડ કે અધિકારી/કર્મચારીઓની વસ્તુને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલ તમામ નુકશાન એજન્સીએ ભરપાઈ કરવાનું રહેશે.

(૨૦) કચેરીના જવાબદાર અધિકારીને જો ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટરની સેવા નિશ્ચિત ધોરણ અનુસારની પ્રાપ્ત થતી ન લાગે તો જે તે દિવસની સપ્રમાણ ચૂકવણીની રકમ જે તે માસના બિલમાંથી કપાત કરવામાં આવશે.

(૨૧) ભાવપત્રક અનુસંધાને ભાવો મંજુર કર્યા બાદ કોઈપણ પ્રકારનો ભાવ વધારો કરારના સમયગાળા દરમિયાન આપવામાં આવશે નહીં.

(૨૨) એજન્સીએ પુરા પાડેલ ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટરની સેવાઓ સબબ ચૂકવવાના થતા વેતન/મહેનતાણા તેમજ અન્ય સદર સેવાકીય આનુષાંગિક કાયદાકીય લાભો માટે સંસ્થાના કર્મચારીઓ ગણાશે.

(૨૩) જીયુડીસી કચેરીને ફાળવેલ ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટરએ સામાન્ય સંજોગોમાં કચેરીને અનુસરવાનું રહેશે. કચેરી કામગીરીની અગત્યતાને ધ્યાને લઇ, ઝેરોક્ષ ઓપરેટરને સોંપાયેલ કચેરી સૂચના અનુસારની ઝેરોક્ષની કામગીરી, તેજ દિવસે, કચેરી સમયબાદ રોકાઇને અથવા રજાના પણ દિવસે આવીને પૂર્ણ કરવાની રહેશે. આ અંગે અલગથી કોઇપણ પ્રકારનો ઓવરટાઇમ/ચાર્જિસ ચૂકવવામાં આવશે નહીં. કોઇ કારણોસર સદર ઓપરેટરની અનુપલબ્ધિમાં અન્ય ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટરની તાત્કાલિક તે જ દિવસે અને કચેરી સમયે વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવા એજન્સી બંધાયેલ રહેશે. આમ છતાં જો એજન્સી ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટર પુરો પાડવામાં નિષ્ફળ જાય તો તેને સોંપાયેલુ કામ અન્ય એજન્સી પાસેથી કરાવી લેવામાં આવશે અને તેનો ખર્ચ મૂળ એજન્સી પાસેથી વસુલ લેવામાં આવશે. આવી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવાની પ્રાથમિક ફરજ એજન્સીની બને છે. તેમાં નિષ્ફળ જવાથી વૈકલ્પિક વ્યવસ્થા કચેરીએ કરવાની ફરજ પડેલ હોવાથી તે અંગેની જાણ/મંજૂરી મેળવવાની જવાબદારી કચેરીની બનતી નથી.

(૨૪) કરારખત દરમિયાન એજન્સી દ્વારા નિમેલ ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટરનું કોઇપણ પ્રકારના અકસ્માતથી ઇજા/મૃત્યુ થાય તો તે અંગે તમામ પ્રકારની કાયદાકીય અને નાણાકીય જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. જીયુડીસી લિ.ની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.

(૨૫) એજન્સીએ પ્રત્યેક માસના પ્રથમ ૧૦ દિવસમાં કચેરીમાં ઝેરોક્ષ/પ્રિન્ટીંગની કામગીરીની સાથે પુરી પાડેલ ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટરની સેવાઓ સબબ માસિક મહેનતાણાના બિલો ચુકવણા

અર્થે રજૂ કરવાના રહેશે. આ અંગેના બીલોની સાથે ઝેરોક્ષ મશીનમાંથી નિકળેલ ઝેરોક્ષ/પ્રિન્ટીંગની નકલોની ચકાસણી (મીટર રીડીંગ) તેમજ ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટરની હાજરી માટે નિભાવેલ રજીસ્ટરોમાં વહીવટી શાખાના અધિકારી/કર્મચારીની સહી કરાવીને બિલો રજુ કરવાના રહેશે.

(૨૬) જીયુડીસી કચેરીએ ચુકવણા અર્થે રજૂ કરેલ બિલોમાંથી કાયદાકીય જરૂરી કપાત કરી ચુકવણું કરવામાં આવશે.

(૨૭) જાહેર નિવિદા અનુસાર વાર્ષિક કરાર મુજબ ભાડેથી ઝેરોક્ષ મશીન તથા ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટરની સેવાઓ આપવા અંગેના એક અથવા બધાજ ભાવો (સૌથી નીચા ભાવ સહિત) કોઈ પણ જાતનું કારણ આપ્યા સિવાય મંજુર કે ના મંજુર કરવાની અબાધિત સત્તા "ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ" ની રહેશે.

(૨૮) આ કરારનામુ કરાર થયાની તારીખથી એક વર્ષ માટે અમલમાં રહેશે અને ત્યારબાદ પરસ્પર સહમતિથી વધુ એક વર્ષ માટે કરાર લંબાવી શકાશે. જરૂર જણાય તો તે વખતે ગુજરાત શહેરી વિકાસ કંપની આ સમયગાળામાં ભાવોમાં અને શરતોમાં ફેરફાર કરી શકશે.

(૨૯) આ ઉપરાંત આ કરારમાં કોઈપણ જોગવાઈ હોય તેમ છતાં કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય સક્ષમ સત્તા/કચેરી એજન્સીને ૧૫ (પંદર) દિવસની નોટીસ આપીને કરારનો અંત લાવી શકશે. આ રીતે રદ થયેલ કરારના બાકીના સમયગાળા માટે એજન્સી પેટા એજન્સી રોકી શકશે નહીં તેમજ તે અંગે એજન્સીને કોઈ વળતર/નુકશાનની ભરપાઇ કરી, આપવામાં આવશે નહીં.

(૩૦) નવા ભાવપત્રક મંગાવવાના થાય તેવા સંજોગોમાં કરારનો સમયગાળો પૂર્ણ થયા બાદ, જીયુડીસી તેની જરૂરિયાતને ધ્યાને રાખી, થયેલ કરારખતની અવધી કરારમાં જણાવેલ શરતોને આધીન વધુ ૩ (ત્રણ) માસની મર્યાદામાં લંબાવી શકશે.

(૩૧) જો એજન્સી કરાર ચાલુ રાખવા ઈચ્છતી ન હોય તો એજન્સીએ ૩ માસની લેખિત નોટિસ આપવી પડશે, તે પરિસ્થિતિમાં તેની સિક્યોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે. આ સંજોગોમાં જીયુડીસીને અન્ય એજન્સીને મંજૂર થયેલ ભાવો, શરતો અને બોલીઓએ નિયુક્ત કરવાનો અબાધિત અધિકાર રહેશે.

(૩૨) એજન્સીના માલિકના મૃત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વારસદારોને કોઈ હક્ક/ દાવો રહેશે નહી.

આમ છતાં, એજન્સીના માલિકના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ અને શરતો મુજબ નિયત ભાવોના ધોરણે જ આ કામગીરી ચાલુ રાખવા માંગતા હોય તો કરારના સમયગાળા સુધી અથવા કંપનીની જરૂરિયાત જે બે માંથી વહેલી હશે તે મુજબ જીયુડીસીને લેખિતમાં જણાવી સદર કામગીરી ચાલુ રાખી શકાશે.

(૩૩) એજન્સીને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

(૩૪) શરતી ભાવપત્રક માન્ય ગણાશે નહીં.

(૩૫) કોઈપણ પ્રકારના વિવાદ માટે ન્યાયનું ક્ષેત્ર ગાંધીનગર (ગુજરાત) રહેશે.

ઉપરોક્ત તમામ બોલીઓ અને કામગીરીની શરતો મેં / અમે વાંચી છે અને હું / અમે બરાબર સમજ્યા છીએ. ઉપરોક્ત ભાવપત્રકમાં નિર્દિષ્ટ કામનો પ્રકાર અને પદ્ધતિ પણ વાંચી સમજીને સ્વીકારીએ છીએ. આ સર્વે બોલીઓ, શરતો અને કામગીરીની વિગતો અને પદ્ધતિનો કોઈપણ વાંધો, વિરોધ કે તકરાર સિવાય સંપૂર્ણપણે સ્વીકાર કરૂ છું / કરીએ છીએ અને આ ભાવપત્રક ભર્યુ છે.

**સ્થળ :**

**તારીખ :** **એજન્સીના અધિકૃત વ્યક્તિની સહી/સિક્કો**